
# રેલ્વે મંત્રી બંસલનું રાજીનામું

નવી દિલ્હી,તા. ૧૦

વિવાદોમાં ઘેરાયેલા અને લાંચ કાંડના મામલામાં ટિકા ટીપ્પણીનો સામનો કરી રહેલા રેલ્વે પ્રધાન પવનકુમાર બંસલે આજે અંતે તેમના હોદ્દા પરથી રાજીનામું આપી દીધુ હતું. આની સાથે જ છેલ્લા કેટલાક દિવસોથી ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો હતો.

વડાપ્રધાન મનમોહન સિંહ અને યુપીએના અધ્યક્ષ સોનિયા ગાંધી વચ્ચે બેઠક યોજાયા બાદ પવનકુમાર બંસલે રાજીનામું આપ્યું હતું. કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ મુશ્કેલીમાં મુકાયેલા અને ભ્રષ્ટાચારના આક્ષેપોનો સામનો કરી રહેલા પ્રધાનો અંગે અંતિમ નિર્ણય લેવા વડાપ્રધાનને કહ્યું હતું. સોનિયા ગાંધી એમ માની રહ્યા હતા કે, પ્રધાનના સંબંધી સામે થયેલા આક્ષેપોથી કોંગ્રેસની પ્રતિષ્ઠાને નુકશાન થઈ રહ્યું છે. પક્ષની પ્રતિષ્ઠાને નુકશાનથી બચાવવા પગલા લેવા જરૂરી છે. અશ્વિનીકુમારની હકાલપટ્ટી પણ હવે નિશ્ચિત દેખાઈ રહી છે. આવતીકાલે કોંગ્રેસ કોર ગ્રુપની બેઠકમાં અશ્વિનીના ખાતાને બદલવામાં આવે તેવી પણ શક્યતા છે. ટુંક સમયમાં જ કેન્દ્રીય કેબિનેટની ફરિથી રચનાના સંકેત પણ દેખાઈ રહ્યા છે.અગાઉ કોંગ્રેસ પ્રવક્તાએ તેમને દુર કરવાનો સંકેત આપ્યો હતો. બંસલ ગઈકાલે સાંજે કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં ઉપસ્થિત રહ્યા ન હતા. ત્યારથી જ એવુ લાગી રહ્યું હતું કે, પવનકુમાર બંસલની હકાલપટ્ટી કરી દેવામાં આવશે.કાયદા પ્રધાન



અશ્વિનીકુમારના ભાવિનો ફેંસલો હવે થનાર છે. ઉચ્ચસ્તરીય સુત્રોએ કહ્યું છે કે, રેલ્વે લાંચ કાંડના મામલામાં ટીકાટિપ્પણીનો સામનો કરી રહેલા રેલ્વે પ્રધાન પવનકુમાર બંસલને આખરે રાજીનામુ આપી દેવાની ફરજ પડી છે. ભાજપ અને અન્ય વિરોધપક્ષો લાંચ કાંડમાં તેમના ભત્રીજાની ધરપકડ કરવામાં આવ્યા બાદથી બંસલના રાજીનામાની માંગ કરી રહ્યા હતા.

પવનકુમાર બંસલ ગઈકાલે સાંજે યોજાયેલ કેબિનેટની બેઠકમાં ઉપસ્થિત રહ્યા ન હતા. જેથી એમ માનવામાં આવી રહ્યું હતું કે, તેમની હકાલપટ્ટી નિશ્ચિત છે. આજે પણ બંસલ તેમની ઓફીસમાં પહોંચ્યા ન હતા. બંસલના ભત્રીજા વિજય સિંગલાની રેલ્વે બોર્ડના એક સભ્ય માટે પ્રમોશન ફિક્સ કરવાના પ્રયાસમાં ધરપકડ કરવામાં આવી ચુકી છે. ૧૦ કરોડની લાંચના મામલામાં સીબીઆઈએ આજે પણ બંસલના અંગત સચિવ રાહુલ ભંડારી જે ૧૯૯૭ની બેચના પંજાબ કેડરના આઈએએસ ઓફિસર છે તેમની પૂછપરછ કરી હતી. બંસલે લાંચ કાંડમાં કોઈ સંડોવણી હોવાનો અથવા તો કોઈ ભૂમિકા હોવાનો ઈન્કાર કરી ચુક્યા છે. પરંતુ તેમના રાજીનામાની માંગ સતત ઉઠી રહી હતી. બીજીબાજુ અશ્વિનીકુમાર કોલસા બ્લોક ફાળવણી કૌભાંડમાં સીબીઆઈના અહેવાલ સાથે ચેડા કરવા બદલ મુશ્કેલીમાં મુકાયા છે. તેમના ભાવિનો પણ એક બે દિવસમાં ફેંસલો થનાર છે.

# સુપ્રીમે સંજય દત્તની સમીક્ષા અરજી ફગાવી

નવી દિલ્હી,તા.૧૦

બોલીવુડ સ્ટાર સંજય દત્તને વર્ષ ૧૯૯૩ના મુંબઈ સીરીયલ બ્લાસ્ટ કેસમાં રાહત મળવાની આશા ઉપર આજે પાણી ફરી વળ્યું હતું. કારણકે, સુપ્રીમ કોર્ટે તેને અપરાધી ઠેરવવા અને પાંચ વર્ષની સજા કરવાના તેના ચુકાદાની સમીક્ષા કરવાની માંગ કરતી સંજય દત્તની અરજીને ફગાવી દીધી હતી. આની સાથે જ સંજય દત્તને હવે જેલમાં જવુ પડશે. સંજય દત્ત પાસે હવે ખૂબ ઓછો સમય રહી ગયો છે. ૧૬મી મે સુધી સંજય દત્તને હવે જેલ સત્તાવાળાઓ સમક્ષ શરણાગતી સ્વીકારી લેવી પડશે અને તેને જેલની સજા ભોગવવી પડશે. ૧૫ મી અથવા તો ૧૬મી સુધી સંજય દત્ત કોર્ટ સમક્ષ



શરણાગતી સ્વીકારે તેવી શક્યતા છે. જસ્ટીસ પી સથાશિવમ અને બી એસ ચૌહાણની બનેલી બેંચે સંજય દત્તની અરજી પર તેના ચુકાદાની સમીક્ષા કરવાનો આજે સાફ ઈન્કાર કર્યો હતો. આ બેંચે ૨૧મી માર્ચના દિવસે ચુકાદો જાહેર કર્યો હતો. બાકીની સાડા ત્રણ વર્ષની જેલની સજા ભોગવવા માટે શરણાગતી સ્વીકારવા ચાર વધુ સપ્તાહની મેહતલ સંજય દત્તને આપવામાં આવી હતી અને એ વખતે એમપણ કહેવામાં આવ્યું હતું કે, વધુ કોઈપણ પ્રકારની રાહત હવે મળશે નહીં અને સજા ભોગવવી પડશે. સુપ્રીમ કોર્ટે ચાર સપ્તાહની મેહતલ સંજય દત્તને આપ્યા બાદ સંજય દત્ત તરફથી સમીક્ષા અરજી દાખલ કરાઈ હતી. સમીક્ષા અરજી ફગાવી દેવામાં આવ્યા બાદ હવે ૫૩ વર્ષીય સંજય દત્ત માટે કોર્ટ પાસેથી રાહત મળવાનો હેવ એક જ વિકલ્પ રહી ગયો છે અને આ વિકલ્પ ક્યુરેટીવ અરજી દાખલ કરીને રાહત મેળવવાનો છે. સુપ્રીમ કોર્ટે ૧૯૯૩ના મુંબઈ બ્લાસ્ટ કેસમાં તેને અપરાધી ઠેરવ્યો હતો. આ બ્લાસ્ટમાં અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહીમ અને પાકિસ્તાનની આઈએસઆઈની સીધી સંડોવણી રહી હતી. અલબત સુપ્રીમ કોર્ટે વર્ષ ૨૦૦૬માં નિયુક્ત ટાડા કોર્ટ દ્વારા કરવામાં આવેલી છ વર્ષની સજાને ઘટાડીને પાંચ વર્ષ કરી દીધી હતી. પરંતુ કહ્યું હતું કે, પ્રોબેશન પર છોડવાની બાબત યોગ્ય નથી. કારણકે, ગુનો ખૂબ જ ગંભીર છે. એકે ૫૬ રાઈફલ અને નવ એમએમ પિસ્તોલ ગેરકાયદે રાખવા બદલ ટાડા કોર્ટ દ્વારા સંજય દત્તને દોષીત ઠેરાવામાં આવ્યો હતો. મુંબઈમાં સિરીયલ બ્લાસ્ટ કરવા માટે લાવવામાં આવેલા હથિયારો પૈકી આ હથિયારો હતા. બ્લાસ્ટમાં ૨૫૭ લોકોના મોત થયા હતા અને ૭૦૦ લોકો ઘાયલ થયા હતા. સંજય દત્તની સાથે સાથે આ કેસમાં અન્ય છ અપરાધિઓ દ્વારા દાખલ કરવામાં આવેલી આવી જ અરજીને પણ ફગાવી દેવામાં આવી હતી. આ તમામને હવે બાકીની સજા ભોગવવા માટે જેલમાં જવું પડશે. ૧૫મી સુધી સંજય દત્તને જેલમાં જવુ પડશે.

# કૈલાસ માનસરોવરની યાત્રા અવધિ ૨૫ દિવસ થઈ ગઈ

દહેરાદૂન,તા. ૧૦

જેની ઉત્સુકતાપૂર્વક શ્રદ્ધાળુઓ રાહ જોઈ રહ્યા છે તે આ વર્ષની કૈલાસ માન સરોવર યાત્રા ૯મી જૂનથી શરૂ થઈ રહી છે અને આની તમામ તૈયારીઓ કરી પણ લેવામાં આવી છે પરંતુ એક નિરાશાજનક સમાચાર એ છે કે આ વર્ષે કૈલાસ માન સરોવરની યાત્રાની અવધી અગાઉ ૨૯ દિવસના બદલે ઘટાડીને ૨૫ દિવસની કરી દેવામાં આવી છે. તિબેટમાં ભગવાન શિવનની કૈલાસ માનસરોવર યાત્રા માટે શ્રદ્ધાળુઓ નોંધણી કરાવી ચૂક્યા છે. શ્રદ્ધાળુઓને વધુ સારી સુવિધાઓ અને રાહત મળે તે હેતુસર અવધીમાં કાપ મૂકવામાં આવ્યો છે. કુમાવ મંડળ વિકાસ નિગમના જોનર મેનેજર ડી કે શર્માએ કહ્યું છે કે એવો નિર્ણય લેવામાં આવ્યો છે કે આ વર્ષથી કૈલાસ માનસરોવર યાત્રા માટે શ્રદ્ધાળુઓના ગ્રૂપની સંખ્યા ૧૬થી વધારીને ૧૮ કરી દેવામાં આવી છે. કૈલાસ માન સરોવર યાત્રા માટે નોડર ઓફિસર રહેલા ડી કે શર્માએ કહ્યું છે કે શ્રદ્ધાળુઓના ગ્રૂપની સંખ્યા વધારવા માટે ફણ કેટલાક કારણો રહેલા છે. આ વર્ષથી કૈલાસ માનસરોવર યાત્રા નવમી જૂનથી શરૂ થશે. પરંપરાગત રીતે કૈલાસ માનસરોવર યાત્રા ૨૯મી મેના દિવસે શરૂ થાય છે.

પરંપરાગત રીતે ૨૫મી સપ્ટેમ્બરે યાત્રા પુરી થાય છે જેના બદલે આ વખતે યાત્રા વહેલી તકે પૂરી થશે. ૯મી સપ્ટેમ્બરે યાત્રાને સમેટી લેવામાં આવશે.અવધી ઘટાડી દેવામાં આવી છે પરંતુ શ્રદ્ધાળુઓ માટે માનસરોવરમાં પૂજા કરવા માટે પૂરતો સમય રહેશે. શ્રદ્ધાળુઓ માનસરોવર જતી વેળા કેટલીક સાવધાની રાખે તે જરૂરી છે. કૈલાસ માનસરોવર દરિયાઈ સપાટીથી ૧૫૦૬૦ ફૂટની ઊંચાઈ ઉપર છે.

## લગ્નના પ્રમાણપત્રો આર્ય સમાજ આપી શકે જ નહીં

દહેરાદૂન,તા. ૧૦

દૂરગામી અસર થાય તેવા એક મહત્વપૂર્ણ ચુકાદામાં ઉત્તરાખંડ હાઈકોર્ટે ઠેરવ્યું છે કે આર્ય સમાજે લગ્નના પ્રમાણપત્ર જારી કરવા જોઈએ નહીં. આર્ય સમાજ કોઈ કાયદાકીય સત્તા નથી જે લગ્ન કર્યા બાદ પ્રમાણપત્ર જારી કરી શકે. ચીફ જસ્ટિસ બારિન ઘોસ અને જસ્ટીસ સર્વેશ્વકુમાર ગુપ્તાની બનેલી બેંચે મંગળવારના દિવસે નેનીતાલના નિવાસી અનંત નેથાની દ્વારા દાખલ કરવામાં આવેલી જાહેર નીતિની અરજી ઉપર સુનાવણી કરતી વેળા આ મુજબનો આદેશ આપવામાં આવ્યો હતો. જાહેર રીતની અરજીમાં આર્ય સમાજ દ્વારા જારી કરવામાં આવેલા લગ્નના પ્રમાણપત્રની કાયદેસરતાને પડકાર ફેંકવામાં આવ્યો હતો અને જણાવાયું હતું કે ૧૯૩૭ના આર્ય સમાજ મેરિઝ વેલિડેશન એક્ટ હેઠળ આવા પ્રમાણપત્ર જારી કરવા તેને કોઈપણ સત્તા આપવામાં આવી નથી. આવા પ્રમાણપત્રને ગેરકાયદે ગણવા જોઈએ. આવી માંગ પણ અરજીમાં કરવામાં આવી હતી. આર્ય સમાજ બિન જ્યુડીશિયલ સોસિયો કલ્ચર સંસ્થા છે જે આર્ય સમાજ મંદિરોમાં લગ્ન બાદ પ્રમાણપત્ર જારી કરે છે. બેંચે કહ્યું હતું કે આ પ્રકારના પ્રસંગોમાં ભાગ લેનાર લોકોને કોર્ટમાં લગ્નની કાયદેસરતાની ચકાસણી કરવા સાક્ષી તરીકે ગણી શકાય છે પરંતુ પ્રમાણપત્ર કાયદેસરના સંબંધિત સત્તાવાળાઓ જ આપી શકે છે.

## ગેસ સિલિન્ડર ઉપર રોકડ સબસીડીને અપાયેલી મંજુરી

મંત્રીમંડળની રાજકિય મામલાની સમિતિએ ઘરેલૂ રસોઈ ગેસ સિલિન્ડરના ઉપભોક્તાઓ વચ્ચે સીધી રોકડ સબસિડિના યોજનાના પ્રસ્તાવને ગ્રીન સિગ્નલ આપી દીધું છે. કેન્દ્ર સરકારની પ્રત્યક્ષ લાભની આ મહત્વકાંક્ષી યોજના અંતર્ગત ૧૫મી મે સુધી ૨૦ જિલ્લાનો સમાવેશ કરવામાં આવશે.

પ્રસ્તાવ અનુસાર ઘરેલૂ એલપીજી ઉપભોક્તાઓને સરકાર તરફથી સબસીડી સ્વરૂપે લગભગ ૪૦૦૦ રૂપિયા વાર્ષિક રોકડ સ્વરૂપે આપવામાં આવશે. આ રકમ સીધી ગ્રાહકોના બેંકના ખાતામાં ટ્રાન્સપર કરવામાં આવશે. ત્યારબાદ ઉપભોક્તાઓને ગેસ એજન્સીથી ૯૦૧.૫૦ રૂપિયા પ્રતિ ૧૪.૨ કિ.ગ્રા. ગેસ સિલિન્ડર ખરીદવો પડશે. વર્તમાનમાં સબસીડી યુક્ત ગેસ સિલિન્ડર ૪૧૦.૫૦ રૂપિયા ઉપલબ્ધ કરવામાં આવે છે. સસ્તા દરે અપાતા આવા સિલિન્ડર પર સરકાર ૪૩૫ રૂપિયાની સબસિડિ આપશે. અખબારી યાદીમાં જણાવવામાં આવ્યુંછે કે આ યોજનાના અમલથી ગેસ કનેક્શનના દૂરઉપયોગ સમાપ્ત કરવામાં મદદ મળશે. વડાપ્રધાન મનમોહનસિંહના નેતૃત્વમાં પાંચમી એપ્રિલે થયેલી બેઠકમાં એલપીજી સિલિન્ડરના મામલમાં ચરણબદ્ધ રીતે રોકડ સબસિડિ યોજનાને અંતિમ સ્વરૂપ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

# બાંગલા ઇમારત દુર્ઘટનામાં મૃતાંક વધીને ૧૦૨૧ થયો

ઢાકા,તા. ૧૦

બાંગ્લાદેશમાં બે સપ્તાહ અગાઉ ધારાશાયી થયેલી ઈમારત દુર્ઘટનામાં મોતનો આંકડો ૧૦૦૦ના આંકડાને પણ પાર કરી ગયો છે. બચાવ અને રાહત કામગીરી જારી રહી છે ત્યારે મોતનો આંકડો વધીને ૧૦૨૧ ઉપર પહોંચ્યો છે. આજે સવારે કાટમાળ હેઠળથી વધુ મૃતદેહ બહાર કાઢવામાં આવતા મૃતાંક ૧૦૨૧ ઉપર પહોંચી ગયો છે. હવે કોઈ વ્યક્તિ જીવીત નીકળે તેવી શક્યતા ઓછી છે. મોતનો આંકડો કેટલો જશે તે અંગે વાત કરવી મુશકેલ છે. કારણ કે વધુને વધુ મૃતદેહ મળી રહ્યા છે. મોતનો આંકડો પહેલાથી જ સૌથી મોટી દુર્ઘટનામાં સામેલ થઈ ગયો છે. આ દુર્ઘટનાના કારણે બાંગ્લાદેશના ૨૦ અબજ ડૉલરના ગારમેન્ટ ઈન્ડસ્ટ્રીમાં કામની સ્થિતિને લઈને પ્રશ્નો ઊભા થઈ ગયા છે.

હજુ પણ મૃતદેહ હાથ લાગી રહ્યા છે જેથી બચાવ અને રાહત કામગારી જારી રાખવામાં આવી છે. ૨૪મી એપ્રિલના દિવસે બાંગલાદેશની હજુ સુધીની સૌથી મોટી ઈમારત દુર્ઘટના થઈ હતી. સેનાએ માહિતી આપતા કહ્યું છે કે મોતનો આંકડો હજુ વધી શકે છે. બીજી બાજુ આ બનાવના સંબંધમાં ઝડપાયેલા લોકો સામે વધુ કઠોર કલમો ઉમેરવા ભોગ બનેલા લોકોના પરિવાર તરફથી રજૂઆત કરવામાં આવી રહી છે. આ બનાવ સામેના વિરોધમાં સ્થાનિક લોકો દેખાવ પણ કરી રહ્યા છે. એક પખવાડિયા બાદ પણ કાટમાળ હેઠળથી મૃતદેહો હાથ લાગી રહ્યા છે. ગારમેન્ટ ફેક્ટરી જ્યાં આવેલી છે તે સંકુલ ધારાશાયી થઈ જતાં આ બનાવ બન્યો હતો.

## પૂણેની વિરુદ્ધ મુંબઈ આજે જીતના ઈરાદા સાથે ઉતરશે

પૂણે,તા. ૧૦

ઈન્ડિયન પ્રીમીયર લીગમાં આવતીકાલે બે મેચો રમાશે જે પૈકી પૂણે વોરિયર્સ સામે રમાનારી મુંબઈની મેચ સૌથી મહત્વપૂર્ણ રહેશે. એકબાજુ પૂણે વોરિયર્સની ટીમ ટેબલમાં ૧૩ મેચોમાં ૧૧માં હાર ખાધ્યા બાદ સૌથી નીચેના સ્થાને છે અને તે આઈપીએલમાંથી ફેકાઈ ચૂકી છે પરંતુ મુંબઈ ઈન્ડિયન્સને ટેબલમાં બીજા સ્થાને પહોંચવા આવતીકાલની મેચ જીતવી પડશે. રાજસ્થાન રોયલ્સ ૧૩ મેચોમાં નવમાં જીત સાથે હવે ૧૮ પોઈન્ટ ધરાવે છે અને આ ટીમ મુંબઈ કરતા આગળ નીકળી ગઈ છે જેથી આવતીકાલની મેચ મોટા અંતરથી મુંબઈને જીતવી પડશે જેથી તેના પણ ૧૮ પોઈન્ટ થશે. પૂણેના ખરાબ ફોર્મને જોતા મુંબઈ પાસે તક રહેલી છે.

મુંબઈ ૧૨ મેચમાં ૮મા જીત અને ચારમાં હાર સાથે ૧૬ પોઈન્ટ ધરાવે છે અને તે ટેબલમાં ત્રીજા સ્થાને છે. મુંબઈ પાસે રોહિત શર્માના નેતૃત્વમાં ઘણા સારા ખેલાડીઓ છે જેમાં પોલાર્ડ, માલિંગા, હરભજનસિંહ, સચિન તેંડુલકરનો સમાવેશ થાય છે. જ્યારે પૂણે વોરિયર્સની ટીમનો ફ્લોપ શો રહ્યો છે. યુવરાજસિંહ ધારણા પ્રમાણે દેખાવ કરી શક્યો નથી. આ મેચનું પ્રસારણ સાંજે ચાર વાગ્યાથી મેક્સ પરથી કરવામાં આવશે. બીજી મેચ પંજાબ અને હૈદરાબાદ વચ્ચે રમાશે. આ મેચનું પ્રસારણ રાત્રે આઠ વાગ્યાથી કરવામાં આવશે.

ગિલ્કિસ્ટના નેતૃત્વમાં પંજાબ અને સનરાઈઝ હૈદરાબાદની મેચ ખૂબ જ રોમાંચક બની શકે છે. ગિલ્કિસ્ટ ફોર્મમાં આવી ગયા બાદ ટીમની તકો વધી ગઈ છે જો કે આ ટીમને આગામી દોરમાં પહોંચવા પોતાની તમામ મેચો જીતવી પડશે. સનરાઈઝ હૈદરાબાદની તક વધારે દેખાઈ રહી છે. હૈદરાબાદે સાતમાં જીત અને પાંચમાં હારનો સામનો કર્યો છે અને તેના ૧૪ પોઈન્ટ છે. જ્યારે પંજાબ ૧૦ પોઈન્ટ સાથે છે. પંજાબે પાંચમાં જીત અને સાતમાં હારનો સામનો કર્યો છે. મોહાલીમાં રમાનારી આ મેચનું પ્રસારણ રાત્રે આઠ વાગ્યાથી કરાશે. આ મેચ ખૂબ જ રોમાંચક બની રહેવાની શક્યતા છે. કારણ કે બંને ટીમો પોતપોતાની સ્થિતિ સુધારવાના પ્રયાસ કરશે. સંગાકારાના નેતૃત્વમાં હૈદરાબાદની ટીમમાં સંગાકારા ઉપરાંત શિખર ધવન, પાર્થિવ પટેલ, અમીત મિશ્રા સારો દેખાવ કરી રહ્યા છે જ્યારે બોલરોમાં ઈશાંત શર્મા, ડેલ સ્ટેન છવાયેલા રહ્યા છે. કેમરુન વાઈટને રમાડાશે કે કેમ તેને લઈને હજુ ચિત્ર સ્પષ્ટ થયું નથી.

# કર્ણાટકના નવા મુખ્યમંત્રી તરીકે સિદ્ધારામૈયા

બેંગલોર,તા. ૧૦

કર્ણાટક વિધાનસભાની ચુંટણીમાં શાનદાર દેખાવ કર્યા બાદ હવે સાત વર્ષના લાંબા ગાળા બાદ કોંગ્રેસ સરકાર ફરી સત્તા રૂઢ થવા જઈ રહી છે. કર્ણાટકના નવા મુખ્યમંત્રી તરીકે ૧૩મી મેના દિવસે શક્તિશાળી નેતા સિદ્ધારામૈયા શપથ લેશે. તેમની તાજપોશીમાં અનેક કેન્દ્રીય નેતાઓ ઉપસ્થિત રહે તેવી શક્યતા છે. અગાઉ કે સિદ્ધારામૈયા આજે કર્ણાટક વિધાનસભા પક્ષના નવા નેતા તરીકે વિધીવત રીતે ચુંટાઈ આવ્યા હતા. નવા ચુંટાયેલા ધારાસભ્યો અને પક્ષના વરિષ્ઠ નેતાઓની મળેલી બેઠકમાં મુખ્યમંત્રી તરીકે સિદ્ધારામૈયાને કોંગ્રેસના ધારાસભ્યોએ ટેકો આપ્યો હતો. આની સાથે જ મુખ્યમંત્રી પદે કોની વરણી થશે તે અંગે ચાલી રહેલી



અટકળોનો અંત આવી ગયો હતો. કેન્દ્રીય પ્રધાનો એકે એન્ટોની, અંબિકા સોની, એઆઈસીસીના જનરલ સેક્રેટરી મધુસુદન મિસ્રીની બનેલી એઆઈસીસીના નિરીક્ષકોની ટીમ બેંગલોર પહોંચી હતી અને નવા મુખ્યમંત્રીની ચુંટણી માટે પક્ષના ધારાસભ્યોના અભિપ્રાય મેળવવા માટે ખાસ મીટીંગ યોજી હતી. એઆઈસીસીની ટીમ દ્વારા મોડેથી કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીને અહેવાલ આપવામાં આવ્યો હતો. ત્યારબાદ સોનિયા ગાંધીએ સિદ્ધારામૈયા પર પસંદગી ઉતારી હતી. ગુરુવારે રાત્રે બેંગલોરમાં એક હોટલમાં સિદ્ધારામૈયાએ તેમના વફાદાર ધારાસભ્યો સાથે બંધબારણે મીટીંગ યોજી હતી. જેમાં ૧૫થી વધુ ધારાસભ્યો ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રી પદના હોદ્દા માટે પીઢ નેતા મલીકાઅર્જુન ખડગે અને વિપક્ષના નેતા સિદ્ધારામૈયા વચ્ચે મુખ્ય સ્પર્ધા હતી. ભૂતપૂર્વ નાયબ મુખ્યમંત્રી સિદ્ધારામૈયા વર્ષ ૨૦૦૬માં કોંગ્રેસમાં જોડાયા હતા. પાંચમી મેના દિવસે યોજાનારી ચુંટણી તેમની લાઈફની છેલ્લી ચુંટણી છે તેવી જાહેરાત કરીને સિદ્ધારામૈયાએ સહાનુભુતિ મેળવવાના પ્રયાસ પણ કર્યા હતા. ખડગે ખૂબ જ અનુભવી રાજકારણી છે અને તેઓ કર્ણાટક પ્રદેશ કોંગ્રેસ સમિતીના પ્રમુખ તરીકે અને વિપક્ષના નેતા તરીકે સેવા આપી ચુક્યા છે. જોકે સિદ્ધારામૈયાની પસંદગી કરવામાં આવી હતી. સાત વર્ષના ગાળા બાદ કર્ણાટકમાં કોંગ્રેસ ફરી સત્તામાં આવી છે. કોંગ્રેસે ચુંટણીમાં શાનદાર દેખાવ કરી ૧૨૧ બેઠકો જીતી છે. જે ૨૨૪ના ગૃહમાં અડધાથી આઠ બેઠકો વધારે છે.

### મધરાતે ટકોરા (પાના નં. ૪ નું ચાલુ)

કોઇને તેનો અણસાર ન હતો. થોડીવારે અચાનક ઉપરના ઓરડામાં આગ લાગી હતી. અને ચિસાચીસ થઇ રહી. સૌ દોડ્યા અને ભયાનક આગમાં ચારે છોકરાને દોરડાથી પકડી અમથાભાઇ ચીસો પાડતા હતા. ભયાનક વાતાવરણ હતું. આગ હોલવવા ભારે ધમાલ મચી પણ વ્યર્થ. ભયાનક આગમાં ચારે છોકરા અને સાથે અમથાભાઇ બળીને ભળથું થઇ ગયાં. હાહાકાર થઇ રહ્યો. કોઇ કાંઇ સમજી ન શક્યું. અને સમજાયું ત્યારે ઘણું મોડું થઇ ગયું હતું. ભયાનક દૃશ્ય જોતાં જ જોરૂભાને હૃદયમાં અસહ્ય પીડા ઉપડી અને જોતજોતામાં જોરૂભા પર નિષ્પ્રાણ થઇ રહ્યા. અકલ્પ્ય ઘટના બની ચૂકી હતી. કનક અને તેની મા આ સમાચાર સાંભળી અવાચક બની રહ્યાં. બાપુનું મોત જેટલું દુઃખદ હતું તેનાથી અધિક નરરાક્ષસોનાં મોતનો આનંદ હતો. આનંદ સર્વત્ર હતો. એક વૃદ્ધ બાપે વેર લઇ લીધું હતું. સમગ્ર રાક્ષસી પરિવારનો અંત લાવી દીધો હતો.

રાત્રીના દોઢ-બેનો સમય હતો. સમગ્ર ગામ ગોરતું હતું. આ ગરીબ પરિવાર ઊંઘતો હતો. ત્યાં બારણે કોઇકે ટકોરા માર્યા. ખખડતાં બારણામાં અવાજે સમજુબા જાગ્યા. કોણ છે એ અત્યારે? એવી બૂમ પાડી. બહારથી બોદો અવાજ આવ્યો એ તો હું અમથો? સમજુબા ધ્રુજી ઉઠ્યાં. બાજુમાં સુતેલા કનકને ઢંઢોળ્યો. કનક બેબાકળો ખખડતા બારણાને જોઇ રહ્યો. બંને અત્યંત ભયભીત હતાં. થોડીવારે ખખડાટ બંધ થયો. બારણાની તીરાડમાંથી કનકે જોયું તો લથડાતી ચાલે બાપુ જઇ રહ્યા હતા. ધ્રુજતા હાથે બારણું ખોલ્યું. મા-દીકરાએ અમથા ભાઇને અંધારામાં ઓળગી જતા જોયા. આંખોનાં ખાબોચીયાં છલકાયાં. મા બોલી, બેટા, તારા બાપુ જતાં જતાં ભેગા થઇ ગયા. એ હવે કદી નહીં જોવા મળે. અને ભારે હૈયે બારણાંને બા એ બંધ કર્યું.

### શબ્દ સેતુ (પાના નં. ૪નું ચાલુ)

**મૂળજી :** આપની સવિશેષ અભિરૂચી કયાં સર્જનમાં છે? આપનું આગામી પ્રકાશન કયું છે?

**પ્રવીણભાઇ :** પ્રથમ કવિનાનાં સર્જનમાં અને ત્યારબાદ વાર્તાલેખન, પ્રવાસ અને પ્રકૃતિ કાવ્યોમાં.

હમણાં નિષાદ કાવ્ય સંગ્રહ પ્રગટ થયો. આગામી પ્રકાશન "ક્ષીપ્રા-કાવ્યસંગ્રહ" છે.

**મૂળજી :** આપશ્રી લિખિત કેટલાં પુસ્તકો પ્રકાશિત થયાં છે? તે કયાં કયાં છે?

**પ્રવીણભાઇ :** લગભગ ૨૪ પુસ્તકો.

(૧) સૂરજ પંખી - વાર્તાસંગ્રહ (૨) અંતરવ્યથા - દલિત વાર્તા (૩) પ્રતીક્ષા - વાર્તા સંગ્રહ (૪) મલાકા - વાર્તાસંગ્રહ (૫) સ્વર્ગ ઉપર મનુષ્ય - વાર્તાસંગ્રહ (૬) આસવદ્વીપ - કવિતા સંગ્રહ (૭) બેયોનેટ - દલિત કાવ્ય (૮) પડછાયો - દલિત કાવ્ય (૯) તૂણીર - દલિત કાવ્ય (૧૦) કવિનો અવાજ - દલિત કાવ્ય (૧૧) મધુવાતા ઋતાયતે - કાવ્ય (૧૨) મધુમય પૃથિવીધૂલી (૧૩) સોહામણી રૂપેણ (આસ્વાદ) (૧૪) મધ્યકાલીન કાવ્યાવિનોદ (૧૫) શબ્દ પાન (વિવેચન) (૧૬) દલિત કવિતા (સંપાદન) (૧૭) ચારણ કવિ (ચારણી સાહિત્ય પર લેખો) (૧૮) દુદુભિ (લલિતકલા) (૧૯) સૂર્યોદય કી પરીક્ષા (૨૦) અંતરવ્યથા (૨૧) કવિ કી આવાજ (૨૨) The Voice of tha Last (૨૩) Black Pain (૨૪) City fo Dust & Lost (Poet Voice)

**મૂળજી :** આપના સમયની આધુનિકતા, આજના સાહિત્યિક સામયિકોમાં કે પુસ્તકોમાં જોવા મળે છે કે ભેદ છે?

**પ્રવીણભાઇ :** ઘટના પ્રદાન વાર્તાઓ હવે માનસિક વ્યાપારો - સ્થૂળ પછી મનોમંથનની - દલિત સાહિત્યનાં ઘટના પ્રધાન એમ સાહિદત્ય બદલાતું રહે છે.

**મૂળજી :** 'પ્રવર્તમાન ઇલેક્ટ્રોનીક મીડિયાની સાહિત્ય ઉપરની અસરો' અંગે આપશ્રીનો અભિપ્રાય શું છે?

**પ્રવીણભાઇ :** અસરો ઘણી થઇ છે. લાંબી વાર્તાઓ, નવલ કથાઓ વંચાતી ઓછી થઇ છે. વિદેશમાં આની અસરી ઓછી થઇ ગઇ છે. અગાઉ કંઇ નહોતું એટલે નવલકથાઓ સ્ત્રીઓ વાંચતી હશે. મીડિયાને ટીવી સિરિયલ પ્રત્યે લગાવ વધ્યો છે, આમ મોટી અસર થઇ છે. ૧૦૦૦ નકલો દસ વર્ષે વેચાતી નથી, તેનું કારણ મીડિયા છે.

**મૂળજી :** આપની દૃષ્ટિએ શાશ્વતી શામાં છે - સાહિત્યમાં કે આધ્યાત્મમાં? શા માટે?

**પ્રવીણભાઇ :** સાહિત્યમાં - રાજા ભૂલાઇ ગયા છે, પરંતુ સાહિત્યકારો અજર-અમર છે.

**મૂળજી :** આપશ્રી લોકો - વાંચકો અને ભાવકોને કોઇ સંદેશ આપવા માંગો છો?

**પ્રવીણભાઇ :** માનવની માનવ ગરિમા સચવાય તે રીતે સર્વેને માનો સમાન અને સર્વને આપો માન. આપણી ગરવી ગુજરાતી ભાષાનું જતન થાય અને સદાકાળ તે ઉત્તરોત્તર ફૂલતી - ફાલતી રહે અને ભાવકો અને વાંચકો વાંચતા રહે તેવી મનોવાંચ્છના સહ શુભેચ્છા.

(સમાપ્ત)

### ભાગી છૂટેલા (પાના નં. ૪ નું ચાલુ)

'પણ એ મોટા શહેરમાં હું એને ક્યાં શોધું? તારી પાસે એનું સરનામું છે?'

'ના સરનામું તો નથી પણ બપોરે એક વાગે ગામના તળાવે અમારાં કપડાં ધોવા જાય છે. ત્યાં એ તમને મળે! જાઓ કાલે જ ઊપડી જાઓ. એને અહીં લઇ આવો. એને બિચારીને સ્વર્ગીય સુખ મળશે અને તમને તમારો પ્રેમ પાછો મળશે. તમારા જીવનની ખોટ પુરાશે અને પાછલી જિંદગી મઘમઘી ઉઠશે ધરના કામમાં ઢીલ નહીં. કાલે જ કડી જવા ઉપડી જાઓ.'

'વાહ ગીતા, તું તો અમારા જીવનમાં ગીતાનો એક મધુરો સંદેશ લઇને આવી છે! અલ્લાહે આ મધુરા મિલન માટે તમને આવકારવા પ્રેર્યા હશે? શું વિધિના ખેલ છે! મારૂં ખોવાયેલ પાત્ર મળશે તો મારૂં જીવન બદલાઇ જશે. કાલથી તમે પણ તારા કામમાં રાહત મળશે.'

'અલ્લાહને પ્રાર્થના કરો કે તમારી ફાતમા તમને મળે. ન મળે તો મારા બાપ પાસેથી એનું સરનામું મેળવી એને ઘરે જજો. લો માર બાપનું સરનામું.' કહેતા ગીતાએ એના બાપનું સરનામું મળી આવ્યું.

'તમારા પુણ્યનાં મીઠા ફળ તમને મળી રહ્યાં છે. અલ્લાહનો આભાર માની આરામ કરો. સવારે પાંચ વાગે ટ્રેન પકડવાની છે. રાઘવે સૂર પુરાવ્યો.'

આલમ ઊઠ્યો. મધુરા મિલન માટે અલ્લાહને મનોમન પ્રાર્થતો એની પથારીમાં આડો અડી બે હાથ લંબાવી બબડવા લાગ્યો, 'આવ મારી ફાતમા નજીક ખસ. કાલ કેટલાં વર્ષે તું મારી પડખે પ્રેમને પ્યાલો પાતી હોઇશ... કાલ મને મળીશ ને?'

મિલનનાં મધુરા સપનામાં ખોવાઇ ગયેલ આલમની આંખો સામે ફાતમા જાણે કહી રહી હતી, 'કેમ ન મળું? સાચો પ્રેમ એના બે પ્રેમીઓને વહેલો મોડો મેળવે જ છે!' અને સવારે વહેલો ઊઠી ફાતમાને લેવા આલમ કડી જવા નીકળી પડ્યો.

(સમાપ્ત)